# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/11052 તા.૧૧/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૫-૨૬ના (બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન) આયોજન બાબત.

**સંદર્ભ:-** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરનો પત્રાંક નં.જીસીઇઆરટી/**Seienul/22837-71** તા.૦૯/૦૯/૨૦૨૫નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરનો પત્રાંક નં.જીસીઇઆરટી/**Seienul/22837-71** તા.૦૯/૦૯/૨૦૨૫નો પત્ર અન્વયે વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૫-૨૬ના (બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન) આયોજન કાર્યક્રમ તમામ શાળાઓએ અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

सत्यमेव जयते

ક્રમાંક : જીસીઈઆરટી/Science/ 22837-71
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 10-9-2025

09 SEP 2025

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષયઃ વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન – ૨૦૨૫-૨૬ના(બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન) આયોજન બાબત

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે NCERT, New Delhiના તા.૧૮/૦૮/૨૦૨૫ના પત્ર અન્વયે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન(બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન) ૨૦૨૫-૨૬ના આયોજન સંદર્ભે અગાઉ અત્રેની કચેરી દ્વારા પત્ર કરવામાં આવેલ હતો. આ સંદર્ભે જિલ્લાઓ તરફથી મળેલ રજુઆતો અન્વયે આ આયોજન હવે નીચે જણાવ્યા મુજબ કરવાનું રહેશે.

શકય હોય ત્યાં વેકેશન પહેલા જે જિલ્લાઓમાં અનુકૂળતા હોય તે મુજબ સીઆરસી, બીઆરસી અને એસવીએસ કક્ષાના પ્રદર્શનો આયોજીત કરવાના રહેશે. બાકીના જિલ્લાઓમાં વેકેશન પૂર્ણ થયેથી પ્રથમ ૧૦ દિવસ દરમ્યાન સીઆરસી, બીઆરસી અને એસવીએસ કક્ષાના પ્રદર્શનો આયોજીત કરી પૂર્ણ કરવાના રહેશે. અને નવેમ્બર માસના અંત સુધીમાં જિલ્લાકક્ષાના પ્રદર્શનો પુર્ણ કરવાના રહેશે.

11695
31/9

10/9

10/9

નિયામક,
જીસીઇઆરટી, ગાંધીનગર.

# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે, જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023

Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org


જા. ક્રમાંક/ડાયેટ/સુરત/ગ.વિ.પ્ર./2025-૧૮૦૧૧-૪૮ તા: 10/09/2025

પ્રતિ,

1) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
2) જીલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી, સુરત
3) શાસનાધિકારીશ્રી, સુરત
4) તા. પ્રા. શિક્ષણાધિકારીશ્રી તામામ -સુરત
5) શિક્ષણ નિરિક્ષકશ્રી, ( વિજ્ઞાન પ્રદર્શન સમિતિ ), ડી ઈ ઓ કચેરી, સુરત
6) એસ.વી.એસ. કો ઓર્ડી.શ્રી, તમામ જી:સુરત
7) યુ/ બી આર સી કો ઓર્ડી.શ્રી, તમામ જી:સુરત
8) પ્રમુખશ્રી, તાલુકા કેળવણી નિરિક્ષક સંઘ, સુરત
9) પ્રમુખશ્રી, સુરત શહેર અને ગ્રામ્ય- આચાર્ય સંઘ, મા.અને ઉ.મા. શાળા સલગ્ન સંઘ અને શૈક્ષિક મહાસંઘ
10) પ્રમુખશ્રી, સુરત શહેર અને ગ્રામ્ય- ઉ.મા. શિક્ષક સંઘ, ઉ.મા. શાળા સલગ્ન સંઘ અને શૈક્ષિક મહાસંઘ.
11) પ્રમુખશ્રી, સુરત શહેર અને ગ્રામ્ય- માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શાળા સલગ્ન સંઘ અને શૈક્ષિક મહાસંઘ.
12) પ્રમુખશ્રી, સુરત શહેર અને ગ્રામ્ય- વહીવટી કર્મચારી સંઘ, મા.અને ઉ.મા.શાળા સલગ્ન સંઘ અને શૈક્ષિક મહાસંઘ.
13) પ્રમુખશ્રી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ - સુરત
14) પ્રમુખશ્રી, સુરત જીલ્લા - પ્રાથમિક શિક્ષક સંઘ અને શૈક્ષિક મહાસંઘ
15) પ્રમુખશ્રી, સુરત - મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ અને શૈક્ષિક મહાસંઘ.
16) પ્રમુખશ્રી, સુરત - મહાનગરપાલિકા હેડ ટીચર શૈક્ષિક મહાસંઘ.
17) લેકચરર શ્રી તમામ ડાયેટ સુરત

વિષય: બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન / વિજ્ઞાન પ્રદર્શન 2025 આયોજન બેઠકની મીનીટસ મોકલવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા:8/9/25નાં રોજની ડાયેટ સુરત ખાતેની બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન/વિજ્ઞાન પ્રદર્શન 2025નાં આયોજન બેઠકની મિનીટ્સ આ સાથે મોકલવામાં આવે છે.

પ્રાચાર્ય

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન.

સુરત

નકલ સવિનય રવાના :

રીડરશ્રી, વિજ્ઞાન એકમ, જીસીઈઆરટી-ગાંધીનગર

# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરત

તા : 8/9 /2025 નાં રોજની ડાયેટ સુરત ખાતેની બાળ વૈજ્ઞાનિક પ્રદર્શના/વિજ્ઞાન પ્રદર્શન 2025નાં આયોજન બેઠકની મિનીટ્સ.

ડાયેટ સુરતનાં પ્રાચાર્ય, ડીઇઓ-સુરત, ડી પી ઈ ઓ સુરત, શાસનાધિકારી-સુરતના અધ્યક્ષતામાં તમામ એસ વી એસ કન્વીનર, તમામ યુ. /બી આર સી કો ઓર્ડી.નેટર, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિવિધ શિક્ષક સંઘનાં પ્રમુખ અને ડાયેટ સુરતના લેકચરર સાથેની વિજ્ઞાન પ્રદર્શન 2025-26ના આયોજન માટેની બેઠકમાં ચર્ચાને અંતે લેવાયેલ નિર્ણય નીચે મુજબ છે.

1) ઈન્સ્પાયર એવોર્ડ 2025માં અત્યાર સુધીમાં સુરત જીલ્લામાંથી 380 શાળાઓમાંથી 780 આઈડીયા જ નોમિનેશન થયેલ છે, જે ખુબ ઓછા છે. સુરત જીલ્લામાંથી હાઈસ્કુલ વિભાગનું ભાગ લેવાનું પ્રમાણ ઓછું છે. દરેક સંકુલ કન્વીનરશ્રી અને યુ/બી આર સી કો ઓર્ડી.શ્રીએ દરેક શાળાના આચાર્યશ્રીને ઈન્સ્પાયર એવોર્ડ 2025માં ઈનોવેટીવ પ્રોજેક્ટ નોમિનેશન કરવા જાણ કરે અને ફોલઅપ લેવા જણાવ્યું.

2) વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન 2025નાં મુખ્ય અને પેટા વિષયોની સમજ આપવામાં આવી.

3) એસ વી એસ કન્વીનર, યુ. /બી આર સી કો ઓર્ડી.નેટરશ્રીએ,

- આ પ્રદર્શન વિષયનો પત્ર/માર્ગદર્શિકા અને કૃતિ રજીસ્ટ્રેશન માટેનું પત્રક- A જે તે <u>સંકુલ/તાલુકાની તમામ પ્રકારની શાળાને મોકલવાની રહેશે.</u> ( જેથી દરેક શાળાઓ પ્રદર્શનમાં ભાગ લઈ શકે.)
- પ્રદર્શન વિષયનો પત્ર/ માર્ગદર્શિકા આપ્યા તથા પ્રદર્શનની જાણ કાર્યની વિગત જેતે એસ.વી.એસ. કન્વીનર, યુ. /બી આર સી કો ઓર્ડી.નેટરશ્રીએ પોતાની પાસે રાખવાની રહેશે.
- <u>પ્રદર્શનની તારીખ, સ્થળ તમામ શાળાને જણાવવાની રહેશે અને નિયત સમયમાં કૃતિની વિગત (રજીસ્ટ્રેશન) મંગાવી લેવાની રહેશે.</u>

5) દરેક શાળા પ્રદર્શનના 5 વિભાગ પૈકી ગમે તેટલા વિભાગમાં ભાગ લઈ શકશે.

6) વિજ્ઞાન પ્રદર્શનમાં બી આર સી કો-ઓર્ડીશ્રીએ તાલુકા તા.પ્રાથમિક શિક્ષણાધિકારી, બીટ નિરિક્ષકશ્રી સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે.

4) વિવિધ કક્ષાના પ્રદર્શનમાં મળવા પાત્ર ગ્રાન્ટ બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

5) CRCનાં પ્રદર્શન માટે ગ્રાંટ દરેક CRC કો ઓર્ડી.ના ખાતામાં, BRCના પ્રદર્શન માટે ગ્રાંટ BRC કો ઓર્ડી.નાં ખાતામાં, SVS પ્રદર્શન માટે જે તે યજમાન શાળાના ખાતામાં તથા જીલ્લા કક્ષાના પ્રદર્શન માટે પણ યજમાન શાળાના ખાતામાં ગ્રાંટ PFMSથી ઓન લાઈન જમા કરાવવામાં આવશે.

- પ્રાથમિક શાળાના પ્રદર્શનમાં સી આર સી કક્ષાએ સેલ્ફ ફાઈનાન્સ શાળા પાસેથી કૃતિ દીઠ રજીસ્ટ્રેશન ફી રૂ.500/- (જેમાં એક કૃતિ આવી જાય) તથા અન્ય વધારાની દરેક કૃતિ દીઠ રૂ. 300/- લેવાના રહેશે.

- માધ્યમિક શાળા કક્ષાના પ્રદર્શનમાં માધ્યમિક - ઉમા શાળા પાસેથી એન્ટ્રી ફી રૂ.400/ જેમાં એક કૃતિ મૂકી શકે, તથા દરેક વધારાની કૃતિ દીઠ રૂ. 300/ લેવાના રહેશે, આમ આ મુજબ ફી લેવાનું સર્વાનુંમતે નક્કી થયું.

- સદર ફી લેવા બદલ પ્રદર્શન કન્વીનરે ફી આપનાર શાળાને ફી લેવા બદલની રસીદ આપવાની રહેશે. આ તમામ ફીનો ઉપયોગ પ્રદર્શન આયોજનમાં કરવાનો રહેશે.

- આ ફીના ખર્ચનો હિસાબ-ખર્ચના વાઉચર પ્રદર્શન કન્વીનરશ્રી અને svs કન્વીનર/ યુ/બી.આર.સી કો-ઓર્ડીનેટરશ્રીએ રાખવાનાં રહેશે, ડાયેટને આ ફી ખર્ચના વાઉચર આપવા નહી.

- ડાયેટ તરફથી મળેલ ગ્રાન્ટનો જ હિસાબ-ખર્ચ વાઉચર ડાયેટમાં જમા કરાવવાનાં રહેશે.

6) પ્રદર્શનની કક્ષા: પ્રાથમિક શાળામાં સી આર સી કક્ષાની શ્રેષ્ઠ કૃતિ યુ/બી આર સી કક્ષામાં અને યુ/બી આર સી કક્ષાની શ્રેષ્ઠ કૃતિ જીલ્લા કક્ષાના (પ્રાથમિક શાળાઓના) પ્રદર્શનમાં જશે. તથા માધ્યમિક,ઉમા શાળા કક્ષાના પ્રદર્શનમાં એસ વી એસ કક્ષાની શ્રેષ્ઠ કૃતિ માધ્યમિક, ઉમા શાળાના જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં જશે.

- દરેક યુ આર સી ને એક તાલુકો ગણી દરેક યુ આર સી.માં તાલુકા કક્ષા મુજબ પ્રદર્શન યોજવાના રહેશે. આ યુ આર સી કક્ષા પ્રદર્શનની શ્રેષ્ઠ કૃતિ જીલ્લા કક્ષાના (પ્રાથમિક શાળાઓના) પ્રદર્શનમાં જશે.
- દરેક કક્ષાએ પ્રદર્શનનાં દરેક પેટા વિભાગ દીઠ 1 શ્રેષ્ઠ કૃતિ લેખે વધુમાં વધુ 5 શ્રેષ્ઠ કૃતિ ઉપલી કક્ષાના પ્રદર્શનમાં જશે.
- માધ્યમિક શાળા પ્રદર્શનમાં (SVS કક્ષાએથી ) માધ્યમિક શાળા + ઉચ્ચતર માધ્યમિક શાળા થઇને (દરેક વિભાગ દીઠ એક શ્રેષ્ઠ) કુલ 5 શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં મોકલવાની રહેશે.

7) પ્રદર્શન તારીખ સ્થળ- નિર્ણાયક:

- <u>પ્રદર્શન તારીખ:</u>

- સી આર સી કક્ષાના પ્રદર્શન ઓલપાડ,ઉમરપાડા,માંગરોલ,માંડવી,બારડોલી, કામરેજ તાલુકામાં તા= 11 નવેમ્બર 2025નાં રોજ અને મહુવા, ચોર્યાસી, પલસાણા, અને તમામ યુ.આર.સી 1,2,3,4, માં તા: 12 નવેમ્બર 2025 નાં રોજ યોજવાનાં રહેશે.

-

- યુ/બી આર સી કક્ષાના પ્રદર્શન તા: 18-19 નવેમ્બર 2025 નાં રોજ તમામ તાલુકા અને યુઆરસીમાં યોજવા, તા:18/11ના રોજ ઉદઘાટન રાખવાનું રહેશે.
- એસ વી એસ કક્ષાના પ્રદર્શન,

  તા 23/9/25ના રોજ એસ.વી.એસ.ક્રમ- 1, 3, 5, 7માં,

  તા 24/9/25ના રોજ એસ.વી.એસ.ક્રમ- 9,11, 13 માં,

  તા 25/9/25ના રોજ એસ.વી.એસ.ક્રમ- 2, 4, 6, 8માં અને

  તા 26/9/25ના રોજ એસ.વી.એસ.ક્રમ- 10, 12, 14માં યોજવાના રહેશે.

  ( નિર્ણાયક એક SVSમાંથી બીજા SVSમાં મોકલવા તકલીફ ન પડે એ હેતુથી તારીખમાં ફેર કરેલ છે. હવે ઉપરનાં કાર્યક્રમ મુજબ પ્રદર્શન યોજવાનાં રહેશે. )

  યજમાન શાળાના આચાર્ય પ્રદર્શન કન્વીનર રહેશે. એસ વી એસ કન્વીનર અને યજમાન શાળાના આચાર્યશ્રીએ સંકલનમાં રહી પ્રદર્શન યોજવાનું રહેશે.

- <u>પ્રદર્શન સ્થળ:</u>

- આજ રોજ જેમણે સી.આર સી કક્ષા યુ/બી આર સી કક્ષા અને એસ વી એસ કક્ષાનાં પ્રદર્શન સ્થળની માહિતી આજ રોજ આપેલ નથી તેમણે પ્રદર્શન સ્થળની જાણ ડાયેટ સુરતને તા: 20/9/25 સુધીમાં ઈમેઇલથી (dietsurat@gmail.com) કરવાની રહેશે.
- તારીખ- સ્થળમાં ફેરફાર પોતાની રીતે કરવો નહી, ડાયેટ સાથે ચર્ચા કરવાની રહેશે.

- <u>નિર્ણાયક પસંદગી:</u>

- યુ./બી.આર સી કો ઓર્ડી.શ્રીએ સી આર સી કક્ષા અને યુ/બી આર સી કક્ષાના પ્રદર્શન સ્થળ અને નિર્ણાયક તા.પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી,શિક્ષણ નિરિક્ષકશ્રી સાથે સંકલનમાં રહી નક્કી કરવાના રહેશે. તથા અન્ય તમામ બાબતે શિક્ષણ નિરિક્ષકશ્રી/ તા. પ્રા. શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રી સાથે સંકલનમાં રહેવું.
- એસ વી એસ કક્ષાના પ્રદર્શનમાં શિક્ષણ નિરિક્ષકશ્રી /એસ વી એસ કન્વીનરશ્રી અને યજમાન શાળાના આચાર્યશ્રીએ સંકલનમાં રહી પ્રદર્શનનાં નિર્ણાયક નક્કી કરવાના રહેશે.

- <u>નિર્ણાયક તરીકે:</u>

- તમામ કક્ષાના પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે સાયન્સ વિષયના શિક્ષક/અધ્યાપકને બોલાવવા. નિર્ણાયક કામગીરી પૂર્વે તમામ નિર્ણાયક સાથે બેઠક યોજી શ્રેષ્ઠ કૃતિ પસંદગીમાં તટસ્થતા જાળવવી, વિભાગ મુજબ પસંદગી, પરિણામ ગોપનીયતા જાળવવા ચર્ચા કરવી.
- એસ વી એસ કક્ષાના પ્રદર્શનમાં નીચે મુજબના કાર્યક્રમ મુજબ નિર્ણાયક લેવાનાં/માંગવાના રહેશે.

SVS 2માંથી SVS 1માં જશે, SVS 4માંથી SVS 3માં જશે, SVS 6માંથી SVS 5માં જશે, SVS 8માંથી SVS 7માં જશે, SVS 1માંથી SVS 4માં જશે, SVS 3માંથી SVS 6માં જશે, SVS 5માંથી SVS 8માં જશે, SVS 7માંથી SVS 1માં જશે, SVS 10માંથી SVS 9માં જશે, SVS 12માંથી SVS 11માં જશે, SVS 14માંથી SVS 13માં જશે, SVS 9માંથી SVS 10માં જશે, SVS 11માંથી SVS 12માં જશે, SVS 13માંથી SVS 14માં જશે.

- સી આર સી કક્ષામાં રૂ. 400/, બી આર સી અને એસ વી એસ કક્ષાએ રૂ.400/ માનદવેતન નિર્ણાયકને આપવાના રહેશે.
- મૂલ્યાંકનનાં તમામ પત્રકો જે તે કો ઓર્ડી.શ્રીએ નિભાવવાના અને રાખવાના રહેશે.
- આ વર્ષે પ્રાથમિક શાળાઓનું અને માધ્યમિક-ઉ.મા શાળાઓનું જીલ્લા કક્ષાનું પ્રદર્શન સાથે યોજવાનું નક્કી કરવામાં આવ્યું.
- જીલ્લા કક્ષાનું પ્રદર્શન નવેમ્બર માસ દરમ્યાન યોજવા નક્કી થયું. તારીખ- સ્થળ નક્કી થયે જાણ કરવામાં આવશે.
- જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં કોઈ સ્પર્ધક વિદ્યાર્થીઓ કે માર્ગદર્શક શિક્ષક રહેવા ઈચ્છે તો રહેવા, જમવા માટેની તમામ વ્યવસ્થા પ્રદર્શન કન્વીનરશ્રીએ કરવાની રહેશે.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ જીલ્લા કક્ષાના પ્રદર્શનમાં પ્રાથમિક શાળાના કૃતિના માર્ગદર્શક શિક્ષક – સ્પર્ધક વિદ્યાર્થીઓને મળવાપાત્ર ભાડું ન આપવાનું સર્વાનુમતે નક્કી થયું.

7. આમંત્રણ પત્રિકા અને સર્ટીફીકેટ:

- જે તે કન્વીનરશ્રી આમંત્રણ પત્રિકામાં મહેમાનની પૂર્વ મંજુરી બાદ જ નામ છાપવા, તથા આમંત્રણ પત્રિકા મહેમાન પદાધિકારીશ્રી, અધિકારીશ્રી, દાતાશ્રી, શૈક્ષણિક સંઘો, શાળાઓ વગેરેને પહોચાડવાની/ આપવાણી રહેશે.

- જીલ્લા કક્ષાની પત્રિકા છપાવતા પહેલા પ્રાચાર્ય, ડીઈઓ, ડીપીઈઓ સાથે ચર્ચા કરી લેવી ત્યાર બાદ આગળ વધવું.

- આમંત્રણ પત્રિકા અને સ્ટેજ કાર્યક્રમમાં પદાધિકારીશ્રી, અધિકારીશ્રીના હોદ્દા અને પ્રોટોકોલ જાળવવાનો રહેશે.

- એક કૃતિ દીઠ-4 સર્ટીફીકેટ આપવાના થાય: 1- શાળાનું, 1-માર્ગદર્શક શિક્ષકનું, 2- સ્પર્ધક વિદ્યાર્થીઓના.

- સર્ટીફીકેટમાં વિગત લખીને તથા સહી કરી ને જ આપવા. સર્ટીફીકેટ પર ક્રમ લખવો હિતાવટ ભર્યું રહેશે.

8. તમામ કક્ષાએ અહીથી આપેલ A થી H સુધીના પત્રકો નિભાવવાના રહેશે. પ્રદર્શન પૂર્ણ થયે બીજા દિવસે શ્રેષ્ઠ કૃતિ પત્રક-B ઉપલી કક્ષાના પ્રદર્શન સ્થળે અને ડાયેટમાં અને સંગૃહિત માહિતી પત્રક- E ડાયેટમાં બિનચૂક મોકલી આપવાનું રહેશે.

9 ખર્ચની ફાઈલ પ્રદર્શન પૂર્ણ થયે 10 દિવસમાં ડાયેટમાં જમા કરાવવી. રૂ.1000/ની ઉપરના બિલ માટે સરકારી નિયમ મુજબ ત્રણ ભાવ પત્રક લેવાના અને તુલનાત્મક પત્રક બનાવી ખર્ચ ફાઇલ સાથે જમા કરાવવા. તમામ ઓરીજિનલ બિલ પર કન્વીનરશ્રીએ સહી કરવી. બી.આર.સી, એસ.વી.એસ. અને જીલ્લા કક્ષાની ખર્ચ ફાઈલ ડાયેટમાં જમાં કરાવવાની રહેશે. સી આર સી કક્ષાનું યુટીલાઇઝેશન સર્ટીફીકેટ આપવાનું રહેશે, ખર્ચ ફાઈલ સી આર સી કક્ષાએ નિભાવી, રાખવાની રહેશે.

10 જીલ્લા કક્ષાના પ્રદર્શન માટે સરકારશ્રીના જણાવ્યા મુજબ તમામ વ્યવસ્થા (જેમકે મંડપ, ભોજન, લાઈટ, સર્ટિફિકેટ , ટ્રોફી, . . . વગેરે ) માટે ઓર્ડર GeM પોર્ટલ પરથી જ આપવાના રહેશે.